# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-02-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે "પરીક્ષા પે ચર્ચા" ની 9મી આવૃત્તિની બીજી કડીમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે
2. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયાએ પોરબંદરના રાણાવાવ અને કુતિયાણાના ગ્રામ્ય વિસ્તારોમાં જનસંપર્ક સાધ્યો.
3. અમદાવાદ શહેર ગુના શાખાએ ઈ-કોમર્સ કંપનીઓ સાથે છેતરપિંડી કરતી આંતરરાજ્ય ટુકડીને ઝડપી પાડી
4. કેન્દ્ર સરકારે આવકવેરા નિયમો અને ફોર્મ, 2026 ના મુસદ્દા પર જાહેર જનતા અને હિતધારકો પાસેથી સૂચનો મંગાવ્યા
5. ઐતિહાસિક નગર પાટણનો એક હજાર 281મો સ્થાપના દિવસ આજે ધામધૂમથી ઉજવાયો.

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## PM-PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આવતીકાલે "પરીક્ષા પે ચર્ચા" ની ૭મી આવૃત્તિની બીજી કડીમાં વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે. ઉલ્લેખનીય છે કે 6 ફેબ્રુઆરીએ પહેલી કડીમાં પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાને કેવી રીતે દૂર કરવી તે અંગે સંબોધન કર્યું. દરમિયાન, શ્રી મોદીએ વિદ્યાર્થીઓને તેમની પોતાની અનોખી શીખવાની રીતો પર વિશ્વાસ રાખવાની પણ સલાહ આપી.

----------

## MANDAVIYA PORBANDAR

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયાએ પોરબંદરના રાણાવાવ અને કુતિયાણાના ગ્રામ્ય વિસ્તારોમાં જનસંપર્ક સાધ્યો. તેમની સાથે રાજ્યના કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયા પણ જોડાયા હતા. આ મુલાકાત દરમિયાન શ્રી માંડવીયાએ જણાવ્યું હતું કે, સરકારની પ્રાથમિકતા હંમેશા છેવાડાના ગામડા અને ગરીબ કલ્યાણની રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસોથી પોરબંદર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાઓનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે.

(BYTE- MANSUKH MANDAVIYA, CABINET MINISTER)

----------

## AHMEDABAD CRIME BRANCH

અમદાવાદ શહેર ગુના શાખાએ ઈ-કોમર્સ કંપનીઓ સાથે છેતરપિંડી કરતી આંતરરાજ્ય ટુકડીને ઝડપી પાડી છે. આ ટુકડી મોંઘી ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓની જગ્યાએ બનાવટી વસ્તુ બદલી નાખી છેતરપિંડી કરતી હતી. આ કાર્યવાહીમાં પોલીસ પાંચ આરોપીની ધરપકડ કરી અને કુલ 20 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો હોવાનું ગુના શાખાના પોલીસ ઇન્સ્પેક્ટર દિપક ઢોળાએ જણાવ્યું.

(BYTE – DIPAK DHOLA, PI)

----------

## Income tax

સરકારે આવકવેરા નિયમો અને ફોર્મ, 2026 ના મુસદ્દા પર જાહેર જનતા અને હિતધારકો પાસેથી સૂચનો આપવા જણાવ્યું છે. આ મહિનાની 22 તારીખ સુધી આવકવેરા કચેરીના સત્તાવાર પોર્ટલ પર આ સૂચનો મોકલી શકાશે.

આવકવેરા કચેરીએ માહિતી આપી છે કે મુસદ્દા નિયમો જાહેર ડોમેનમાં ઉપલબ્ધ છે. આનો હેતુ પારદર્શિતાને પ્રોત્સાહન આપવા અને સહભાગી અને અસરકારક નિયમ ઘડતર પ્રક્રિયા સુનિશ્ચિત કરવાનો છે.

----------

## RUSHIKESH URJA SAMVAD

યાત્રાધામ અંબાજી ખાતે અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારા યોજાયેલા "ઊર્જા સંવાદ"માં ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલે વિદ્યુત કામદારો સાથે સંવાદ કર્યો. તેમણે કહ્યું, સુરક્ષાના સાધનોનો ચુસ્ત અમલ અને સાવચેતી જ વીજ અકસ્માત સામેનું સૌથી મોટું રક્ષણ છે. શ્રી પટેલે ટેકનિકલ કારણો કે માનવીય ભૂલને લીધે થતા વીજ અકસ્માતોને કેવી રીતે શૂન્ય પર લાવી શકાય તે અંગે પણ ચર્ચા કરી.

----------

## IND-US DEAL REAX

ભારત-અમેરિકા વચ્ચે થયેલા વેપાર કરારને સુરત કૃષિપેદાશ ઉત્પાદક સમિતિ-APMCના ડિરેક્ટર બાબુભાઈ શેખે આવકાર્યો. તેમણે જણાવ્યું કે, ભારત-અમેરિકા વેપાર કરાર દક્ષિણ ગુજરાતના ખેડૂતો અને વેપારીઓને, ખાસ કરીને ફળો અને શાકભાજીના વેપારીઓને, 0 ટકા નિકાસ ટેરિફ આપીને અને સ્થાનિક કૃષિને સુરક્ષિત કરીને નોંધપાત્ર રીતે ફાયદો કરશે.

(BYTE : Babu Sheikh - Director of APMC)

----------

## POONAM MADAM BUDGET

સાંસદ પૂનમ માડમે કેન્દ્રીય અંદાજપત્ર 2026-27ને સર્વાંગી વિકાસલક્ષી ગણાવ્યું. જામનગર જિલ્લા અને શહેર ભાજપ દ્વારા અંદાજપત્ર

અંગે યોજાયેલી પત્રકાર પરિષદમાં શ્રીમતી માડમે જામનગરમાં WHOના આર્યુવેદ સેન્ટરને અપગ્રેડ કરવાની જાહેરાત અંગે પણ સરકારનો આભાર માન્યો.

(BYTE – POONAM MADAM, MP)

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## SPECIAL TRAIN

આગામી હોળી-ધૂળેટીના તહેવારોને પગલે રેલવે તંત્ર દ્વારા વિશેષ ટ્રેનો દોડાવવાનું આયોજન કરાયું છે. પશ્ચિમ રેલવે દ્વારા પહેલી માર્ચથી 22 માર્ચ દરમિયાન 231 જેટલી વિશેષ ટ્રેનો દોડાવાશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનિત અભિષેકે જણાવ્યું, કે પશ્ચિમ રેલવેના મુખ્ય ટર્મિનલો અને આરંભિક સ્ટેશનો પર વ્યાપક રીતે ભીડ વ્યવસ્થાપન વ્યવસ્થાઓ અગાઉથી અમલમાં મૂકવામાં આવી છે.

મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ, ઉધના, સુરત, અમદાવાદ સહિત અન્ય મહત્વપૂર્ણ સ્ટેશનો પર મુસાફરોના સુરક્ષિત અને વ્યવસ્થિત પ્રવેશ તથા બોર્ડિંગને નિયંત્રિત કરવા માટે સમર્પિત મુસાફર હોલ્ડિંગ વિસ્તારો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

----------

## BHAVNAGAR-S.T BUS

ભાવનગર એસ.ટી.ડિવિઝન દ્વારા શિવરાત્રી ના મેળામાં જવા માટે 40 બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જૂનાગઢમાં આગામી.11 થી 15 ફેબ્રુઆરી સુધી મહાશિવરાત્રીનો મેળો યોજવાનો છે. ત્યારે ભાવનગર એસ.ટી.ડિવિઝન દ્વારા 40 બસો જૂનાગઢ ખાતે દોડાવવામાં આવશે.

જેમાં સૌથી વધુ 20 જેટલી બસો ભાવનગર એસ. ટી. ડેપોમાંથી મૂકવામાં આવશે. તદ્ઉપરાંત ભાવનગર ડિવિઝનની 15 જેટલી બસો જૂનાગઢ ડિવિઝનને ફાળવાઈ છે. જો શ્રદ્ધાળુઓની સંખ્યા વધશે તો વધુ એક્સ્ટ્રા બસો મૂકવામાં આવશે.

----------

## PATAN STHAPNA DIVAS

પ્રાચીન રાજધાની અને ઐતિહાસિક નગર પાટણનો આજે એક હજાર 281મો સ્થાપના દિવસ છે. વિક્રમ સંવત 802ની મહા વદ સાતમે વનરાજ ચાવડા દ્વારા અણહિલવાડ પાટણની સ્થાપના કરવામાં આવી હતી. આ

ગૌરવશાળી ઇતિહાસને જીવંત રાખવા આજે શહેરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું. સાંભળીએ એક અહેવાલ..

(VOICECAST – RAMESH SOLANKI)

----------

# MORBI ELECTION

મોરબી નાગરિક સહકારી બેંકના 6 ડિરેક્ટરની ચૂંટણી માટે આજે મતદાન થયું. ચૂંટણીમાં કુલ 6 હજાર 596 મતદારો નોંધાયા છે. અત્યાર સુધી બે મહિલા અનામત અને એસસી/એસટી અનામત બેઠકમાં બિનહરીફ વરણી થઇ હોવાનું ચૂંટણી અધિકારી ડી એમ બાવરવાએ જણાવ્યું.

(BYTE – D.M.BAVRAVA, Election Officer)

----------